TM CIVIL HOSPITAL Amdavad

SmileTrain
Changing The World One Smile At A Time.

# બર્ન્સ અને પ્લાસ્ટીક સર્જરી વિભાગ
# સિવિલ હોસ્પીટલ, અમદાવાદ

ઓ.પી.ડી., રૂમ નં. ૭૧, મંગળવાર, શુક્રવાર, ઈમરજન્સી ૨૪ કલાક વોર્ડ એફ-૮

## ક્લેફ્ટ લીપ અને ક્લેફ્ટ પેલેટની સંપૂર્ણપણે મફત સારવાર આપતી અદ્યતન હોસ્પીટલ.

### ડૉ. એમ.એમ. પ્રભાકર
તબીબી અધિક્ષકશ્રી, સિવિલ હોસ્પીટલ, અમદાવાદ.

☺

### ડૉ. એમ.એફ. શેખ
પ્રાધ્યાપક અને વડા
પ્રોજેક્ટ ડાયરેક્ટર, સ્માઈલ ટ્રેઈન

☺

### ડૉ. જયેશ પી. સચદે
પ્રાધ્યાપક

☺

### ડૉ. માનવ પી. સૂરી
મદદનીશ પ્રાધ્યાપક

**સંપર્ક :**
**ઈ-મેઈલ :** smiletrain.cha@gmail.com
**ફોન (મોબાઈલ) :** ૮૭૫૮૬૭૦૧૮૬ - **ફક્ત ઈમરજન્સી ઉપયોગ માટે**

## ★ ક્લેફ્ટ લીપ અને ક્લેફ્ટ પેલેટ શું છે ?

બાળકનો ઉપરનો હોઠ કપાયેલો હોય કે તાળવામાં કાણું હોય એ ખામીને ક્લેફ્ટ કહે છે.

## ★ ક્લેફ્ટ લીપ અને ક્લેફ્ટ પેલેટ કયા-કયા પ્રકારના હોઈ શકે ?

### ફક્ત ક્લેફ્ટ લીપ એક તરફ







### ફક્ત ક્લેફ્ટ પેલેટ







### ક્લેફ્ટ લીપ અને પેલેટ બન્ને સાથે







### બન્ને બાજુના ક્લેફ્ટ લીપ






## ★ શું ક્લેફ્ટ લીપ અને ક્લેફ્ટ પેલેટનું ઓપરેશન જરૂરી છે ?

અત્યંત જરૂરી છે.

## ★ ઓપરેશનનો યોગ્ય સમય શું છે ?

**ક્લેફ્ટ લીપનું ઓપરેશન :**
૬ મહીનાની ઉંમરે
**ક્લેફ્ટ પેલેટનું ઓપરેશન :**
૧૮ થી ૨૪ મહીનાની ઉંમરે

## ★ જો યોગ્ય સમયે ઓપરેશન ન કરવામાં આવે તો શું થાય ?

ક્લેફ્ટ લીપનું ઓપરેશન ન કરવામાં આવે તો જ્યારે બાળક શાળામાં જાય અથવા બીજા બાળકો સાથ રમે ત્યારે બીજા બાળકો આવા બાળકોની મશ્કરી કરે છે એટલે આવા બાળકો શાળાએ જવાનું તેમજ બહાર બીજા બાળકો સાથે રમવાનું ટાળે છે, અને ઘરમાં જ રહેવાનું પસંદ કરે છે. જેથી તેમના માનસીક વિકાસ પર અસર પડે છે.

ક્લેફ્ટ પેલેટનું ઓપરેશન, બાળક બોલવાનું શીખે તે પહેલા કરાવી લેવું જોઈએ નહીંતર આવા બાળકો ખોટી રીતે બોલતા શીખે છે અને અમુક શબ્દો સ્પષ્ટ રીતે બોલી શકતા નથી. જો ક્લેફ્ટ પેલેટનું ઓપરેશન ન કરવામાં આવે તો, બાળક નાકમાંથી (ગુંગણું) અને ન સમજી શકાય તેવુ બોલે છે. તથા મોંમાંથી લીધેલ ખોરાક / પ્રવાહી નાકમાંથી બહાર નીકળી જાય છે.

## ★ ઓપરેશન પહેલાંની જરૂરીયાતો

(૧) દર્દીને તેની ઉંમર પ્રમાણે રસી મુકાવી હોવી જોઈએ.

(૨) દર્દીનું હીમોગ્લોબીન ૮.૫% કે તેથી વધુ હોવું જોઈએ.

(૩) દર્દીને શરદી-ઉધરસ ન હોવા જોઈએ.

**જો બાળકો માટેનો ઓપરેશનનો યોગ્ય સમય પસાર થઈ ગયો હોય તો પણ વહેલામાં વહેલી તકે ઓપરેશન કરાવી લેવું.**

## ★ ઓપરેશન અંગેની માહિતી

(૧) ક્લેફ્ટ લીપનું ઓપરેશન, સીધુ અને સરળ ઓપરેશન છે, જેમાં લગભગ ૪૫ મીનીટ લાગે છે અને દર્દીએ ૪૮ કલાક હોસ્પીટલમાં રહેવું પડે છે.

(૨) ક્લેફ્ટ પેલેટના ઓપરેશન થયેલ દર્દીને ૫ થી ૭ દિવસ હોસ્પીટલમાં રહેવું પડે છે.

(૩) ક્લેફ્ટ પેલેટના ઓપરેશન થયેલ બાળકને ઓપરેશન પછી એક મહીના સુધી પ્રવાહી ખોરાક આપવો.

**★ ક્લેફ્ટ પેલેટના બાળકને જન્મ પછી દૂધ / પ્રવાહી આપવાની પધ્ધતિ.**

(૧) આવા બાળકોને દુધની સાથે હવા પણ પેટમાં જતી રહે છે એટલે થોડો થોડો ખોરાક, થોડી થોડી વારે આપવો.

(૨) બાળકનું માથું ખોળામાં થોડું ઉંચુ રાખીને ચમચી વડે દૂધ પીવડાવવું કારણ કે ક્લેફ્ટ પેલેટ વાળા બાળકો દૂધ ધાવી શકતા નથી.



(3) દૂધ પીવડાવ્યા પછી બાળકનું માથું માતાને ખભે મૂકી કમર / વાંસા ઉપર બાળકને થપથપાવી ઓડકાર (ડકાર) ખવડાવવી જેથી, બાળકે ગળેલ દૂધ સાથેની હવા ડકાર વાટે નીકળી જાય.



(૪) ખોરાક માટેના વાસણો (વાટકી, ચમચી) ચોખ્ખા રાખવા.

(૫) દરેક વખતે તાજો બનાવેલ ખોરાક આપવો.

(૬) એક વખતે અપાયેલ અને વપરાયા વગરનો ખોરાક બીજી વખત ન આપવો.

## ★ નોંધ

(૧) જે લાભાર્થીઓ **સિવિલ હોસ્પીટલ અમદાવાદ** ખાતે સારવાર લેવા ઈચ્છતા હોય તેમણે ઓ.પી.ડી. રૂમ નં. ૭૧ માં મંગળવાર, શુક્રવારે સવારે ૯ થી ૧૨ માં અથવા તો પ્લાસ્ટીક સર્જરી વોર્ડ એફ-૮ માં સંપર્ક કરવો.

**(૨) સિવિલ હોસ્પીટલ અમદાવાદ ખાતે આવા ઓપરેશન થયેલ દર્દીને અનુદાન★ પેટે રૂા. ૨૫૦૦/- આપવામાં આવે છે.**

**(૩) અમદાવાદ સિવાયની જીલ્લા કક્ષાની કોઈ હોસ્પીટલમાં કેમ્પ દરમ્યાન ઓપરેશન થયેલ દર્દીને અનુદાન★ પેટે રૂા. ૧૦૦૦/- આપવામાં આવે છે.**

★ઉપરોક્ત અનુદાન પ્રોજેક્ટની અવધિ પર આધારીત છે.

**પ્લાસ્ટીક સર્જરી વિભાગ દ્વારા પૂરી પાડવામાં આવતી અન્ય સેવાઓ નીચે મુજબ છે**

- કોસ્મેટીક સર્જરી
- હેર ટ્રાન્સપ્લાન્ટ
- દાઝવાથી થયેલ શારિરીક ખોડ ખાંપણો.
- મેક્ઝીલો ફેસીયલ સર્જરી
- માઈક્રો વાસ્ક્યુલર સર્જરી
- જન્મજાત શારિરીક ખોડ ખાંપણો
- હેન્ડ સર્જરી